## ખેડબ્રહ્માના ચાપલપુર ખાતેથી મળેલા મૃતદેહ અંગે હત્યાનો ગુનો નોંધાયો

હિંમતનગર, તા.૧૦

ખેડબ્રહ્માના ચાપલપુર વિસ્તારની પ્રાથમિક શાળા પાસેથી ચાર દિવસ અગાઉ આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોડાસાના ટીંટોઈના રહેવાસી બકાભાઈ નાથાભાઈ નટ (ઉ.વ.૫૭)ની ટીંટોઈ ગામની મહિલા રેખાબેન શૈલેષભાઈ કડીયા અને અજાણ્યો શખ્સોએ દારૂ પીવાની તકરાર અંગે મારામારી થઈ હતી. જેમાં બકાભાઈ નટનું મૃત્યુ નિપજયું હતું. ખેડબ્રહ્મા પોલીસ મથકના પી.એસ.આઈ. વી.એલ. પટેલે જણાવેલ કે ૬ ફેબ્રુઆરીના રોજ બપોરના સુમારે ચાપલપુર પ્રાથમિક શાળા પાસેથી આધેડનો મૃતદેહ પગમાં મફલર બાંધેલી હાલતમાં મળી આવ્યો હતો. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરતા મૃતદેહની ઓળખ થઈ હતી. બનાવ સંદર્ભે ગતરોજ બકાભાઈ નટની પત્ની મધુબેને ફરિયાદ નોંધાવતા ટીંટોઈ ગામની મહિલા રેખાબેન શૈલેષભાઈ કડીયા અને બે અજાણ્યા શખ્સો વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધી રેખાબેન કડિયાની શોધખોળ હાથ ધરી છે. જાણવા મળ્યા મુજબ ૬ ફેબ્રુઆરીના રોજ બકાભાઈ નટ અને રેખાબેન કડીયા બંને દારૂ પીધેલી હાલતમાં ટીંટોઈથી ઈડર અને ત્યાંથી ખેડબ્રહ્મા આવેલા હોવાનું જાણવા મળે છે. હત્યાનું રહસ્ય રેખાબેન મળશે ત્યારે જ ઉકેલાશે.

## સીતવાડા-નવાપુરા ગામની સીમમાં ટ્રકની ટકકરે મહિલાનું કરૂણ મોત

પ્રાંતિજ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા નવાપુરા ગામે રવિવારના સવારના સમયે લીઝમાંથી રેતી ભરીને આડેધડ હંકારતી ટ્રકના પૈડા નીચે ૩૫ વર્ષની ચાર સંતાનોની માતા આવી જતા ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. જયારે ટ્રક ચાલક ટ્રક છોડીને ભાગી ગયો હતો.

પ્રાંતિજના સીતવાડા-નવાપુરા ગામના સીમાડામાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી લીઝ ધારકોના ટ્રક રાત-દિવસ રેતી વહન કરીને ઘોંઘાટ, કરી મુકતાં હોવાની લોકોની ફરિયાદ છે. તેમજ આડેધડ હંકારતા વાહનોથી લોકના જીવ જોખમમાં મુકાય છે.

આજ રોજ સવારના સમયે ચાર સંતાનોની માતા તારાબા દાદુસિંહ રાઠોડ ઉ.વ.૩૫ જે પોતાના ખેતરમાં ઘાસ લેવા જઈ રહ્યા હતા ત્યારે સવારના સમયમાં આડેધડ ટર્બો ટ્રક નંબર જીજે-૯ જેટ ૧૨૯૨ પૂર ઝડપે હંકારતા ટ્રકે તારાબાને હડફેટે લેતા તેઓનું માથું ટ્રક નીચે આવી જતા માથું ફાટી ગયું હતું. શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં સ્થળ પર લોહીના ખાબોચિયાં ભરાયાં હતા અને ઘટના સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતું. અને ટ્રક ચાલક ટ્રક છોડી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરાતાં પી.આઈ. એમ.ડી. ઉપાધ્યાયે સ્થળ પર આવી લાશને પી.એમ. માટે પ્રાંતિજના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપવામાં આવી હતી. સીતવાડા-નવા પુરા ગામના લોકોએ લીઝોના ત્રાસથી તંત્ર અને મુખ્યપ્રધાન સુધી રજુઆતો કરી હોવા છતાં પણ કોઈ યોગ્ય નિરાકરણ આવતું નથી આ ઘટના બન્યા પછી પણ જો કોઈ ચોકકસ પગલાં નહિ લેવાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ગ્રામજનો દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

## સાબરકાંઠાના સંક્ષિપ્ત સમાચાર

- સાબરકાંઠા જિલ્લાના શિવાલયો ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવના નારાથી ગુંજી ઉઠ્યા. મંદિરોમાં ભક્તોની ભારે ભીડ.
- આજે શિવરાત્રીના દિવસે જિલ્લાના ભવનાથ, ભોલેશ્વર, સપ્તેશ્વરના ભવ્ય મેળામાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.
- સાબરકાંઠા જિલ્લો પશુપાલન ઉપર નભે છે. મોટા ઉદ્યોગો નહિવત જિલ્લામાં મોટા ઉદ્યોગો સ્થાપવા લોકોની રજૂઆત.
- જિલ્લાની ખાનગી શાળાઓમાં ઉમેદવારોનું આર્થિક શોષણ માત્ર રૂ. ૧૫૦૦માં પેટીયુ રળતાં ઉમેદવારો.
- મેઘરજ-વાંસવાડા રેલવે લાઈન મંજૂર થતાં લોકોમાં આનંદની લાગણી છવાઈ છે.
- ધરોઈ ડાબા કાંઠા કેનાલ વિસ્તારમાં ગાબડુ પડતા ખેતરોમાં પાણી ઘુસી જતા રવિ પાકોને નુકશાન.
- વડાલી ખાતે વિશ્વકર્માની ભવ્ય ઉજવણી કરવામાં આવી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં વિશ્વકર્મા સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.
- બાયડમાં સ્વામીનારાયણના હરિભક્તો દ્વારા શાકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

## ડીસાના પાસે લકઝરી બસના કાચ ફોડી ધમાલ મચાવનાર ઈસમો સામે ફરિયાદ

ડીસામાં આખોલ ચાર રસ્તા નજીક ઓવરટેક મામલે ખાનગી લકઝરી બસ ચલાવનાર ચાલકને અટકાવી અજામ્યા શખ્સોએ માર મારતા ભારે અફડાતફડી મચી હતી. આ હૂમલામાં લકઝરી બસના કાચનો ભુક્કો નીકળી ગયો હતો. જે બાદ આ મામલે ડીસા તાલુકા પોલીસે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો જોતાં ગતરાત્રીના સમયે બાલોત્રાથી મુંબઈ જવા રવાના થયેલ બસના ચાલકે ભયજનક રીતે ઓવરટેક કરતા ખાનગી કારમાં બેસેલા અજાણ્યા મુસાફરો ઉશ્કેરાયા હતા. જે બાદ કારમાં સવાર ચાર અજાણ્યા મુસાફરો અને બે મોટરસાઈકલ પર સવાર અન્ય ચાર ઈસમો મળી આઠેક ઈસમોએ આ બસને આખોલ ચાર રસ્તા નજીક અટકાવી હતી અને ઓવરટેક મામલે થયેલી તકરારમાં કાર અને મોટર સાયકલ પર સવાર થઈને આવેલા ઈસમોએ તેમની પાસેના ધોકાઓ વડે બસચાલકને માર માર્યો હતો. ઉશ્કેરાયેલા અજાણ્યા શખ્સોએ તે બાદ બસના કાચનો ખુરદો બોલાવ્યો હતો. આકસ્મિક થયેલા આ હૂમલામાં બસચાલકને ઈજાઓ થઈ હતી.

## પ્રાંતિજ અને તાલુકામાં મહા શિવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



પ્રાંતિજ, તા. ૧૦

પ્રાંતિજ તથા તાલુકામાં મહા શિવરાત્રીના દિવસે દેવાધિદેવ, ભોળાનાથ, આસુતોષ, મહાદેવ, નીલકંઠ જેવા હજારો નામથી શિવભક્તોના હૃદયકુંજમાં બિરાજમાન શિવજીનું મહાપર્વ - મહા શિવરાત્રીની પ્રાંતિજમાં ઠેરઠેર શિવાલયોમાં સવારથી જ હર હર મહાદેવ, ૐ નમઃ શિવાય, જય ભોળેના નાદ સાથે ગુંજી ઉઠ્યા હતા. જ્યારે શિવભક્તો દ્વારા સવારથી જ શિવમંદિરોમાં જઈ બીલીપત્રો, દૂધ જળનો અભિષેક કરી પોતાની મનોકામના પૂર્ણ કરવા દિવસ દરમ્યાન ભક્તો દ્વારા જુદા જુદા અભિષેક કરવામાં આવ્યા હતા અને ભગવાન ભોળેનાથને રિજવવા લાગી ગયા હતા અને શિવ મંદિરોમાં કિડીયારાની જેમ ભક્તોની ભીડ જોવા મળી હતી. જ્યારે શિવ મંદિરોમાં રોશની અને તોરણથી સજાવટ કરવામાં આવી હતી.

જ્યારે પ્રાંતિજ ખાતે આવેલ જળરેશ્વર મહાદે, શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ, હરિહરેશ્વર મહાદેવ, મંદિરમાં શિવ ભક્તોની સવારથી જ લાંબી કતારો જોવા મળી હતી અને નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ વર્ષો પુરાણા માર્કંડેશ્વર મહાદેવ મંદિરેથી દર વર્ષની જેમ દાદા માર્કંડેશ્વર મહાદેવનો પાલખી ધામધૂમથી કાઢવામાં આવી હતી. જેમાં દાદાની ઘરે ઘરે પધરામણી કરવાની શિવ ભક્તોમાં ધન્યતા અનુભવી હતી.

જ્યારે તપોધન ફડી આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે હવન પૂજા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જગદીશભાઈ રાવલ, લાલુભાઈ રાવલ, જીતુભાઈ રાવલ, ગૌતમભાઈ રાવલ, મધુભાઈ રાવલ વગેરે દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અને દર વર્ષની જેમ માર્કેડશ્વર મહાદેવ મંદિર ખાતે ભવ્ય મેળો ભરાયો હતો જેમાં પ્રાંતિજ પી.આઈ. ઉપાધ્યાય દ્વારા કાયદો અને વ્યવસ્થાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## વલાદ પાસે કેનાલમાંથી મળેલ અજાણ્યા યુવાનના મૃતદેહની ઓળખવિધિ થઈ

### યુવાન હિંમતનગરનો હોવાનું માલુમ પડ્યું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલા વલાદ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ગતરોજ સવારના અરસામાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો જેની પોલીસ તપાસ કરતા આ યુવાન હિંમતનગર તાલુકાના પ્રેમપુરનો વતની હોવાનું માલુમ પડતા ડભોડા પોલીસે આ અંગે તેના પરિવારજનોનો સંપર્ક સાધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વલાદ ગામ પાસેથી પસાર નર્મદા કેનાલમાંથી ગતરોજ એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા ડભોડા પોલીસે આ અજાણ્યા મૃતદેહનું પંચનામુ કરી તેને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો અને બાદમાં તેની ઓળખવિધિ હાથ ધરી હતી. દરમિયાન આ યુવાન મૂળ પ્રેમપુર તા. હિંમતનગર અને હાલ નરોડા ખાતે રહેતો ૨૫ વર્ષીય હિતેષ રામાભાઈ પટેલ હોવાનું માલુન પડ્યું હતું. પોલીસે આ સમગ્ર મામલે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઊંઝામાં વકરતી જતી ગુનાહીત પ્રવૃત્તિને ડામવામાં પોલીસતંત્ર નિષ્ફળ

ઊંઝા, તા. ૧૦

ઊંઝા વિસ્તારમાં પોલીસની નિષ્ફળતાને કારણે વધતી જતી ગુનાખોરી અને અસામાજીક પ્રવૃત્તિઓને ડામવામાં તંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી મિલકત વિરૂદ્ધના, સ્ત્રી સંબંધી, વ્યથા, મારામારી, ગુમ થવાના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. આ સાથે દારૂ, વરલીમટકા, પત્તાપાનાનો જુગારના અડ્ડાઓ, ક્રિકેટમેચ આધારિત સટ્ટો, અનીતિના ધંધા જેવી સમાજ વિરોધી બદીઓ ફૂલીફાલી હોઈ જનતામાં ભય સામે ચિંતાની લાગણી જન્મી છે. છેલ્લા એક વર્ષ દરમિયાન ઘરફોડ સહિત વાહનચોરી, પશુ ચોરી જેવા મિલકત વિરૂદ્ધના તેમજ સ્ત્રી સંબંધી, ગુમ થવાના કેટલાયે ગુનાઓ નોંધાયા છે. જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. વધતી જતી ગુનાખોરી તથા સમાજ વિરોધી બદીઓને ડામવામાં તેમજ પ્રજાના જાનમાલનું રક્ષણ કરવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું હોવાની છાપ લોકમાનસમાં ઉભી થઈ છે.

આ વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિઓનો વ્યાપ વધી ગયો હોવાનું કહેવાય છે. કહે છે કે, આવી પ્રવૃત્તિઓ ચાલવા પાછળ પોલીસતંત્રને તગડા હપ્તાઓ મળે છે. જેથી કાયમી ધોરણે ગેરકાયદે ધંધાઓ બંધ થાય તેમ પોલીસ ઈચ્છતી ન હોઈ આવા ધંધાઓ બેરોકટોક ચાલી રહ્યાનો લોકપોકાર ઉઠ્યો છે. આવી સ્થિતિને લીધે તંત્રમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ વધી ગયું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. બીજુ સ્થાનિક પોલીસમથકે નાગરિકોની ફરિયાદો નોંધવામાં આનાકાની તેમજ વિલંબ થતો હોવાનું ચર્ચાય છે. ગંભીર પ્રકારના ગુનાને હળવા ગુનામાં ફેરવવાની કરામત થતી હોય છે. વધુમાં નોંધાયેલ ગુનાઓની તપાસમાં ઢીલી નીતિ અપનાવાય છે. તેમજ તટસ્થ અને ન્યાયી રીતે તપાસ થતી નથી. આ ઉપરાંત ફરિયાદીને ગુનાની તપાસ માટે શું પ્રગતિ થયેલ છે તેની માહિતી મળતી નથી. પોલીસમથકે ચાર્જમાં બેસતા અમલદારો ફોન પર વ્યવસ્થિત જવાબ આપતા નથી. અરજી કે ગુના સંબંધી માહિતી આપવામાં ઠાગાઠૈયા કરતા હોવાની ફરિયાદો ઉઠી છે.

## ડીસા શહેરમાંથી પાંચ તડીપાર કરાયા

ડીસા, તા. ૧૦

ડીસા શહેર અને જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં વધતો જતો ક્રાઈમ રેટ અત્યારે ચિંતાનું કારણ બનતો જાય છે. આ વિસ્તારમાં ક્રિમિનલ માનસ ધરાવતા તેમજ અગાઉ આવા કેસોમાં પકડાયેલા ઈસમો ઉપર અવારનવાર શાંતિ ભંગ કરવા બદલ પાંચ ઈસમોને ડીસાના સબ ડિવિઝનલ મેજીસ્ટેટ બી.કે. પટેલે કાયદાનો ઉપયોગ કરી પાંચ જિલ્લામાંથી બે વર્ષ માટે તડીપાર કરવાનો હૂકમ કરેલ છે. જેનાથી સમગ્ર પંથકમાં ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયેલ છે.

આ અંગે પ્રાપ્ત વિગતો જોતા ડીસા પંથકમાં અસામાજીક તત્વોનો રંજ વધતા સબડિવિઝનલ મેજીસ્ટ્રેટ બી.કે. પટેલ ડીસા પંથકમાં ક્રીમીનલ એકટીવીટી ધરાવતા ઈસમોની તેમને મળેલી સત્તાની રૂએ તપાસ હાથ ધરી હતી અને તે બાદ શરીર સંબંધી અને મિલ્કત સંબંધી ગુનાઓ આચરી પ્રજાજનોમાં ભય ફેલાવી જાહેર શાંતિ જોખમાય તેવી પ્રવૃત્તિ આચરતાં તત્વો સામે કાયદાનો કડકાઈથી ઉપયોગ કરી પાંચ ઈસમો વિરૂદ્ધ જિલ્લા તડીપારની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં લીયાકત બાબુભાઈ કુરેશ રહે. મીરા મહોલ્લા, જગદીશ ઉર્ફે મીટર રમેશજી ઠાકોર રહે. ચાવડીવાસ - ડીસા, શૈલેષ ઉર્ફે સવા ઈશ્વરલાલ માળી રહે. જયંતનગર ડીસા, કમલેશ પ્રભુભાઈ મોચી રહે. ભોયાનગર ત્રિકમવાડી ડીસા, પંકજભાઈ ખુશાલભાઈ રહે. ભોઈવાળા નવા ડીસાવાળાઓને બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા મહેસાણા તથા કચ્છ જિલ્લામાંથી બે વર્ષ માટે તડીપાર કરવાનો હૂકમ કર્યો છે. જેનાથી ગુનાહિત પ્રવૃત્તિ આચરતા ઈસમોમાં ફફડાટ વ્યાપેલ છે.

## પોગલુ ખાતે મહિલા દિનની ઉજવણી

પ્રાંતિજ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પોગલુ આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડીના સંયુકત ઉપક્રમે આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ મહિલાઓની સિધ્ધીઓ, હક્કો તેમજ અવકાશ સુધીની મહિલાઓની સફરની વાત કહી નારીશકિતની પ્રશંસા કરી હતી. વધુમાં કન્યા કેળવણી અને આરોગ્ય સફાઈ સહિતના મુદ્દે ચર્ચા વિચારણા કરી હતી. આ પ્રસંગે પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એમ.પી. ડબલ્યુ, શૈલેષ નાયી, એફ.એસ. ડબલ્યુ અંકિતા પ્રજાપતિ, ઈન્દુબેન શર્મા અને રણછોડભાઈ પટેલ હાજર રહ્યા હતાં.

# પ્રાંતિજના નવાપુરા પાસે ટ્રકની અડફેટે મહિલાનું મોત



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા - નવાપુરા ગામે રવિવાર સવારના પહોરમાં લીઝમાંથી રેતી ભરીને આડેધડ હંકારતી ટ્રકના પૈડામાં ૩૫ વર્ષની ચાર સંતાનોની માતા આવી જતાં તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે ટ્રક ચાલક છોડીને ભાગી ગયો હતો.

પ્રાંતિજના સીતવાડા-નવાપુરા ગામ સીમાડામાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી લીઝ ધારકોના ટ્રક ટર્બા રાત દિવસ રેતી વહન કરીને ઘોંઘાટ કરી મુકતાં લોકોની ઉંઘ હરામ થઇ ગઇ છે તો આડેધડ હંકારતા વાહનોથી લોકોના જીવ જોખમમાં મુકાયા છે.

તા. ૧૦મીની સવારે ચાર સંતાનોની માતા તારાબા દાદુસિંહ રાઠોડ ઉ.વ. ૩૫ જે પોતાના ખેતરમાં ઘાસ લેવા જઇ રહ્યા હતા ત્યારે સવારના પહોરમાં જ આડેધડ ટર્બા ટ્રક હંકારતા ટ્રકે તારાબાને હડફેટે લેતા તેઓનું માથું ટ્રક નીચે આવી જતાં માથું ફાટી ગયું હતું. શરીરના અન્ય ભાગોને પણ ગંભીર ઇજાઓ થતાં સ્થળ પર લોહીનાં ખાબોચિયા ભરાયા હતા ને તારાબાનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત થયું હતું. ગ્રામજનોનું ટોળું સ્થળ પર ધસી આવ્યું હતું. ટ્રક ચાલક ફરાર થઇ ગયો હતો. જો કે પોલીસને જાણ કરતાં પી.આઇ. એમ. ડી. ઉપાધ્યાયે સ્થળ પર આવી સીતવાડા-નવાપુરાના ગ્રામજનોની મિજાજ પારખી જઇ આગવી કુનેહથી વાતાવરણ ઠંડુ પાડી દીધું હતું. લાશને પી.એમ. માટે પ્રાંતિજના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપવામાં આવી હતી. ડોક્ટરોની ટીમે લાશને સ્વજનોને સોંપી હતી. સીતાવાડા-નવાપુરા તરફની લીઝોના ત્રાસથી પંથકજનોએ તંત્રને તથા મુખ્યપ્રધાન સુધી રજુઆત કર્યા છતાંય બેકાબુ બનેલા લીઝ માફીયા તથા તંત્ર કોઇને ય ગાંઠતા નથી ને ગરીબ જનતા પરેશાનીઓ ભોગવે છે ત્યારે ચાર -ચાર સંતાનો મા વિહોણા બની જતાં લોકો પણ કરૂણતાભર્યો વલોપાત કરતા હતા.

ગ્રાજમનો દ્વારા આજે ઉગ્ર રોષ ઠાલવી જો લીઝો બંધ કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન સાથે જલદ પ્રોગ્રામો થનાર છે. ચાર ચાર સંતાનો મા વગરના બનતાં પંથકમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે.

## સાબરકાંઠા જિલ્લામાં બે અકસ્માત

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના આંતરસુબ્બા નજીક ટ્રક ખાઈમાં પડતા ટ્રકચાલકને ગંભીર ઈજાને કારણે સારવાર દરમિયાન મોત નીપજયું હતું. જ્યારે પ્રાંતિજ તાલુકાના સીતવાડા નવાપુર ગામ નજીક ટ્રકે મહિલાને કચડી નાખતા મહિલાનું કમકમાટીભર્યું સ્થળ પર મોત નીપજ્યું હતું. આ અંગે જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ રાજસ્થાનના દૈયા ગામના મુકેશકુમાર થાવાજી ભગોરા ટ્રક નંબર જીજે-૧-ટી-૫૮૦૧ લઈ શનિવાર રાત્રીના એક વાગેના સુમારે ઈડરથી દૈયા તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક આંતરસુબ્બા વણાંકમાં ટ્રકચાલકે ટ્રક પરનો કાબુ ગુમાવી દેતા ટ્રક રોડ સાઈડે ખાઈમાં પડી હતી જેમાં ચાલક મુકેશભાઈને શરીરે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે ચોરીવાડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અને ત્યાંથી વધુ સારવાર માટે ઈડર સિવિલમાં લઈ ગયેલ જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.








